49

૪૪૨

Kind Attn:- I. M. Patel
FAX No. 79 6575624

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
## ગાંધીનગર

**પરિપત્ર :**
ક્રમાંકઃ મુ.(યાં)/૨૦૦૦/એન.જી.ઓ/એમ-૩/૭૬/ ૧૮૮૦ /૨૦૦૦

તારીખઃ ૨૧-૧૧-૨૦૦૦

વિષયઃ હેન્ડપંપ માટેનું ડ્રીલીગકામ તથા હેન્ડપંપ બેસાડવાની કામગીરી ગ્રામ પંચાયત/ગ્રામ પાણી સમિતિ/સ્વૈચ્છિક સંસ્થાને આપવા બાબત...

સંદર્ભઃ તા. ૧૧-૧૦-૨૦૦૦ ના રોજની ૧૮૯ મી બોર્ડ બેઠકના ઠરાવ નં.૧૮

**: પ્રસ્તાવના :**

હેન્ડપંપ માટેનું ડ્રીલીગકામ તથા હેન્ડપંપ બેસાડવાની કામગીરી ગ્રામ પંચાયત/ગ્રામ પાણી સમિતિ/બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાને આપવા બાબતે ગુજરાત પાણી પુરવઠાં અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃ યુ.ઈ (યાં)/૧૦૯૮/એન.જી.ઓ/એમ-૩/૩૬ તા.૭-૧-૯૯ થી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ. જેનું અમલીકરણ સરળતાથી થઈ શકે તે માટે નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

(૧) આ કામગીરીમાં હેન્ડપંપ માટેના ૧૧૫ મી.મી વ્યાસના બોરના ડ્રીલીગકામ તથા તેના ઉપર હેન્ડપંપ બેસાડવાનો સમાવેશ થાય છે. આ કામગીરી ગ્રામ પંચાયત/ગ્રામ પાણી સમિતિ/નોંધાયેલ સ્વૈચ્છિક સંસ્થાને આપી શકાશે. જેનો ઉલ્લેખ હવે પછી સંસ્થા તરીકે કરવામાં આવશે.

(૨) રસ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થા ત્રણ વર્ષ કરતાં પહેલાં નોંધાયેલ હોય તેમને અગ્રતા આપવામાં આવશે.

(૩) હેન્ડપંપ માટેના બોરની જગ્યા ગ્રામ પંચાયત/જે તે વિસ્તારના આગેવાનોની સહમતિથી નકકી કરવામાં આવશે અને તે મુજબ નકકી કરેલા સ્થળે બોરનું ડ્રીલીગકામ કરવાનું રહેશે તથા હેન્ડપંપ બેસાડવાનો રહેશે.

Circular

Tech-Circular

(૪) જે કામો કરવાના થાય તેની ગામવાર/સ્થળવાર યાદી બનાવી તેની ભાવસૂચિ આધારિત અંદાજો બનાવી તાંત્રિક ચકાસણી કરીગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સક્ષમ અધિકારીએ જરૂરી વહીવટી/તાંત્રિક મંજુરી આપવાની રહેશે.

(૫) જો સંસ્થા ધ્વારા માંગણી કરવામાં આવશે તો જરૂરી માલસામાન જેવો કે, કેસીંગ પાઈપ, હેન્ડપંપ અને તેની પાઈપો વિગેરે જે તે યાંત્રિક પેટા વિભાગ સ્ટોરમાંથી .માલસામાનની કિંમત જેટલી બેંક ગેરંટી/ઈન્ડેમ્નીટી બોન્ડ સામે પુરા પાડવામાં આવશે. જો સંસ્થા આવો માલસામાન બોર્ડ પાસેથી ખરીદવા માંગતી ન હોય તેવા સંજોગોમાં સંસ્થા પોતે યોગ્ય ચકાસણી કરી આઈ.એસ.આઈ માર્કાવાળો માલસામાન ખરીદ કરી શકશે. જે માટે તેઓએ ચૂકવેલ રકમ અથવા તો બોર્ડે મંજુર કરેલા ભાવ એ બેમાંથી જે ઓછું હશે તે ભાવે તેઓને કાર્યપાલક ઈજનેરશ્રી (યાંત્રિક) ધ્વારા દિન–૧૦ માં ચૂકવણું કરવામાં આવશે.

(૬) હેન્ડપંપ બેસાડવા માટેની ટુલકીટ જે તે યાંત્રિક પેટા વિભાગ સ્ટોરમાંથી સંસ્થાને આપવાની રહેશે. જે કામ પૂર્ણ થયેથી સંસ્થાએ પરત કરવાની રહેશે.

(૭) બોરનું ડ્રીલીંગકામ તથા હેન્ડપંપ બેસાડવાના કામ માટેનું કમ્પલીશન સર્ટિફિકેટ જે તે ગ્રામ પંચાયત પાસેથી સંસ્થાએ મેળવવાનું રહેશે.

(૮) કામગીરી પૂર્ણ થયેથી ટુલકીટ/વધેલા માલસામાન વિગેરે સંબંધિત યાંત્રિક પેટા વિભાગના સ્ટોરમાં જમા કરાવી " નો–ડયુ " સર્ટિફિકેટ સંસ્થાએ મેળવવાનું રહેશે.

(૯) બોરની ઉંડાઈ/કેસીંગ પાઈપની લંબાઈ/હેન્ડપંપ અને તેની પાઈપો વિગેરે બાબતોના માપ બોર્ડના મદદનીશ ઈજનેર/નાયબ કાર્યપાલક ઈજનેર (યાંત્રિક) એ લખવાના રહેશે.

(૧૦) આ કામગીરી માટે કમ્પલીશન સર્ટિફિકેટ તથા " નો–ડયુ " સર્ટિફિકેટ મેળવ્યા બાદ જે તે જિલ્લા/તાલુકા માટેના મંજુર થયેલા ભાવે કાર્યપાલક ઈજનેર (યાંત્રિક) ધ્વારા દિન–૧૦ માં ચૂકવણું કરવાનું રહેશે.

(૧૧) સંસ્થાને તેઓએ કરેલ કામગીરી પેટે બોર્ડ મારફત ઈ.ટી.પીચાર્જમાંથી ૫% રકમ કાર્યપાલક ઈજનેર (યાંત્રિક) ધ્વારા આપવામાં આવશે.

( એસ એમ.ઝવેરી )
મુખ્ય ઈજનેર (યાંત્રિક–મટીરીયલ)

<u>નકલ રવાના પ્રતિ :</u>

(૧) માન.અધ્યક્ષશ્રીના અંગત મદદનીશશ્રી, બોર્ડ કચેરી–ગાંધીનગર

(૨) સભ્ય સચિવશ્રીના કાર્યકારી મદદનીશશ્રી, બોર્ડ કચેરી–ગાંધીનગર

(૩) અધિક સચિવશ્રી અને મુખ્ય ઈજનેરશ્રી, નર્મદા,જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય–ગાંધીનગર

(૪) ખાસ ફરજ પરના અધિકારીશ્રી (તાંત્રિક) નર્મદા,જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય–ગાંધીનગર

(૫) માન.ધારાસભ્યશ્રી.............................,...

(૬) મુખ્ય ઈજનેરશ્રી, (મોની.પ્લા) બોર્ડ કચેરી–ગાંધીનગર

(૭) મુખ્ય ઈજનેરશ્રી, ઝોન–૧–૨–૩, વડોદરા/અમદાવાદ/રાજકોટ

(૮) અધિક્ષક ઈજનેરશ્રી (યાંત્રિક) સર્વે

(૯) અધિક્ષક ઈજનેરશ્રી, (સિવીલ) સર્વે

(૧૦) કાર્યપાલક ઈજનેરશ્રી (યાંત્રિક) સર્વે

(૧૧) કાર્યપાલક ઈજનેરશ્રી (સિવીલ) સર્વે

HP_DRILING